StudySite.org StudySite.org

# GUJARATI
## PAPER-II
## SEPT/13/06

Name & Signature of the Invigilator

.................................................

.................................................

ICR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

Roll Number in words : ....................................

....................................................................

Time : 1.15 Minutes] No. of Printed Pages : 16 [Maximum Marks : 100

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **fifty (50)** multiple choice type questions. All questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to candidate. In the first 5 minutes, candidate is requested to open the booklet and compulsorily examine it as below :
   *(i)* To have access to the question booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   *(ii)* Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of five minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.
   *(iii)* After this verification is over, the test booklet number should be entered in the ICR answer sheet and the ICR Answer Sheet number should be entered on this test booklet.
4. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method [A] Wrong method [A] OR [A]

5. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper II only.
6. Read instructions given inside carefully.
7. Rough work is to be done in the end of the booklet only.
8. You have to return the original ICR Answer Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the examination hall. You are, however, allowed to carry duplicate copy of ICR sheet and test booklet on conclusion of the examination.
9. Use black ball point pen.
10. Use of any Calculators or log tables or any other electronic devices is prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in Gujarati and English version of questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ પચાસ (૫૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં ઉમેદવારને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ ૫ મિનિટ દરમ્યાન, ઉમેદવારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું.
   *(i)* પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પેજની ધાર પર આપેલ સીલ ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારવી નહીં.
   *(ii)* કવર પૃષ્ઠ પર છાપેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પૃષ્ઠો/પ્રશ્નો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં ન હોય અથવા કોઈ અન્ય ફરક હોય અર્થાત કોઈપણ પ્રકારે ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારવી નહીં. એવી જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પાછળથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમય પણ આપવામાં આવશે નહીં.
   *(iii)* આ ચકાસણી કર્યા બાદ, ટેસ્ટ પુસ્તિકા નંબર ICR જવાબ પત્રકમાં લખવો અને ICR જવાબ પત્રક નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર ઉત્તર વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. પસંદગીનો જવાબ માત્ર અંગ્રેજી કેપીટલ મૂળાક્ષર દ્વારા જ આપવો. પસંદ કરેલ અંગ્રેજી કેપીટલ અક્ષર આપેલ ખાનામાં સંપૂર્ણ રીતે સમાઈ જાય તે રીતે લખવો.

   સાચી રીત : [A] ખોટી રીત : [A] અથવા [A]

5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલા ICR જવાબ પત્રકમાં પેપર–૨ લખેલ વિભાગમાં જ લખવા.
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. આ પ્રશ્નપુસ્તિકાની અંતે આપેલ પાનું રફ કામ માટે છે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી ઓરીજીનલ ICR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈપણ સંજોગોમાં પરીક્ષાખંડની બહાર જઈ શકશે નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પ્રશ્નપુસ્તિકા તથા ICR જવાબવહીની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી પેન(બોલ પોઇન્ટ પેન) વાપરવી.
10. કેલ્ક્યુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકામાં કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

StudySite.org StudySite.org

StudySite.org
StudySite.org



StudySite.org
StudySite.org
StudySite.org

StudySite.org StudySite.org

# GUJARATI ગુજરાતી

## PAPER - II પેપર–II

*Note* : This paper contains **FIFTY (50)** multiple-choice/Assertion + questions/ Matching questions. Each question carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. બધા પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

---

1. ભરતના નાટ્યશાસ્ત્રના કયા અધ્યાયમાં નાટ્યની ઉત્પત્તિની કથા આપવામાં આવી છે ?

(A) બીજા (B) ત્રીજા

(C) પહેલા (D) પાંચમા

2. કઈ રચના માધવની છે ?

(A) હંસાવલી (B) રૂપસુંદર કથા

(C) સદેવંત સાવલિંગા (D) પદ્માવતી

3. કઈ ફાગુરચનામાં લોકકથાનો વિનિયોગ થયેલો છે ?

(A) મંગલકલશ ફાગુ (B) અષ્ટાપદ

(C) ચિતોડ આદિનાથ ફાગુ (D) રાવણ પાર્શ્વનાથ ફાગુ

4. 'મુગ્ધાવબોધ ઔક્તિક' કયા કવિની રચના છે ?

(A) સોમસુંદર (B) માણિક્યસુંદર

(C) વિજયસેનસૂરિ (D) કુલમંડનગણિ

5. 'સૌન્દર્યમ અલંકાર' : કારિકા આપનાર આચાર્યનું નામ જણાવો.

(A) વામન (B) દણ્ડી

(C) ભામહ (D) કુન્તક

StudySite.org



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

6. 'મારી હકીકત' ના સર્જક કોણ છે ?

(A) ગાંધીજી
(B) ગોવર્ધનરામ ત્રિપાઠી
(C) નર્મદ
(D) દર્શક

7. 'નંદબત્રીસી' પદ્યવાર્તામાં નંદરાજા જેનાથી આકર્ષાય છે તે પ્રધાનપત્નીનું નામ જણાવો.

(A) મોહના
(B) પદ્મિની
(C) ભદ્રા
(D) કસ્તૂરી

8. કયું નાટક રણછોડભાઈ ઉદયરામે લખેલું છે ?

(A) કુલીન કાન્તા
(B) દુષ્ટભાર્યાદુ:ખદર્શક નાટક
(C) ભટ્ટનું ભોપાળું
(D) લલિતાદુ:ખદર્શક નાટક

9. 'વિચારપ્રધાન કવિતા એ જ દ્વિજોત્તમ કોટિની કવિતા' – એમ કહેનાર વિવેચક કોણ હતા ?

(A) વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
(B) રામનારાયણ પાઠક
(C) આનંદશંકર ધ્રુવ
(D) બળવંતરાય ઠાકોર

10. 'એ જ્ઞાન મને ગમતું નથી રુષિરાયજી' કોની પંક્તિ છે ?

(A) પ્રેમાનંદ
(B) અખો
(C) દયારામ
(D) નરસિંહ

11. યોગ્ય કાલાનુક્રમ પસંદ કરો.

(A) ભરતમુનિ, જગન્નાથ, કુન્તક, ભામહ
(B) ભરતમુનિ, કુન્તક, ભામહ, જગન્નાથ
(C) ભરતમુનિ, ભામહ, કુન્તક, જગન્નાથ
(D) ભરતમુનિ, જગન્નાથ, ભામહ, કુન્તક



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

12. યોગ્ય કાલાનુક્રમ પસંદ કરો.

(A) પ્લેટો, લોન્જાઈનસ, એરિસ્ટોટલ, એલિયટ

(B) પ્લેટો, એરિસ્ટોટલ, લોન્જાઈનસ, એલિયટ

(C) પ્લેટો, એલિયટ, એરિસ્ટોટલ, લોન્જાઈનસ

(D) પ્લેટો, એરિસ્ટોટલ, એલિયટ, લોન્જાઈનસ

13. યોગ્ય કાલાનુક્રમ પસંદ કરો.

(A) કાવ્યચર્ચા, કથોપકથન, શ્રુણ્વન્તુ, કિંચિત્, અરણ્યરુદન

(B) કિંચિત્, કથોપકથન, કાવ્યચર્ચા, શ્રુણ્વન્તુ, અરણ્યરુદન

(C) કિંચિત્, કાવ્યચર્ચા, કથોપકથન, શ્રુણ્વન્તુ, અરણ્યરુદન

(D) કથોપકથન, કિંચિત્, કાવ્યચર્ચા, અરણ્યરુદન, શ્રુણ્વન્તુ

StudySite.org

14. યોગ્ય કાલાનુક્રમ પસંદ કરો.

(૧) મારી ચંપાનો વર

(૨) રજપૂતાણી

(૩) ઉત્તરા

(૪) કુરુક્ષેત્ર

(A) ૩–૪–૧–૨ (B) ૧–૨–૩–૪

(C) ૩–૪–૨–૧ (D) ૨–૧–૩–૪

15. યોગ્ય કાલાનુક્રમ પસંદ કરો.

(૧) કરસનદાસ મૂળજી

(૨) નારાયણ હેમચંદ્ર

(૩) બળવંતરાય ઠાકોર

(૪) બોટાદકર

(A) ૧–૨–૩–૪ (B) ૪–૩–૨–૧

(C) ૧–૪–૩–૨ (D) ૨–૩–૪–૧



StudySite.org StudySite.org

StudySite.org
StudySite.org

16. યોગ્ય કાલાનુક્રમ પસંદ કરો.

(૧) માધ્યમ

(૨) ઉદાત્તતા

(૩) કલ્પના

(૪) આયરની

(A) ૨–૧–૩–૪
(B) ૨–૩–૪–૧
(C) ૨–૩–૧–૪
(D) ૨–૪–૩–૧

17. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો.

(A) કાવ્યહેતુ : પ્રતિભા, વ્યુત્પત્તિ, અભ્યાસ
(B) કાવ્યહેતુ : લક્ષણા, અનુભાવ, વિભાવ
(C) કાવ્યહેતુ : વ્યંજના, વ્યંગ્યાર્થ, વાચ્યાર્થ
(D) કાવ્યહેતુ : ઉદાત્તતા, જીવનસમીક્ષા, વક્રોક્તિ

18. સર્વથા સુસંગત જૂથ જણાવો.

(A) રસનિષ્પત્તિ, વિભાવ, અનુભાવ, સ્થાયીભાવ
(B) રસનિષ્પત્તિ, વ્યંગ્યાર્થ, અંતઃસ્ફુરણા, અનુભાવ
(C) રસનિષ્પત્તિ, પરંપરા, પ્રતિભા, ઉદાત્તતા
(D) રસનિષ્પત્તિ, લોકાભ્યાસ, કલ્પના, જીવનસમીક્ષા

19. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો.

(A) વસ્તુસંરચના, કાવ્યબાની, ગૌરવાન્વિત સંયોજન, તરંગ
(B) વસ્તુસંરચના, વિચાર, રૂપવિધાયક કલ્પના, દૃશ્યસામગ્રી
(C) વસ્તુસંરચના, પ્રતિભા, ઉત્કટ ભાવાવેગ, તરંગ
(D) વસ્તુસંરચના, ચરિત્ર, વિચાર, કાવ્યબાની

20. નીચેનામાંથી વિસંગત જૂથ જણાવો.

(A) અશ્વત્થામા, નલિનરાવળ, દીર્ઘકાવ્ય
(B) અશ્વત્થામા, મધુ રાય, એકાંકી
(C) અશ્વત્થામા, મનસુખલાલ ઝવેરી, ખંડકાવ્ય
(D) અશ્વત્થામા, ઉમાશંકર જોષી, પદ્યનાટક


StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

21. નીચેનામાંથી વિસંગત જૂથ જણાવો.
   (A) મોહન પરમાર : ભેખડ, વિક્રિયા, આસ્થાફળ
   (B) મોહન પરમાર : નકલંક, કોલાહલ, વાયક
   (C) મોહન પરમાર : સંવિત્તિ, અણસાર, વાર્તારોહણ
   (D) મોહન પરમાર : દલિતકથા વિમર્શ, ગુજરાતી દલિત સાહિત્ય, દલિત વાર્તાસૃષ્ટિ
22. નીચેનામાંથી વિસંગત જૂથ જણાવો.
   (A) લોન્જાઈનસ : ઉદાત્તતા, ભાવાવેગ, ઉદાત્ત કાવ્યબાની
   (B) કોલરિજ : તરંગ, પ્રાથમિક કલ્પના, રૂપવિધાયક શક્તિ
   (C) એરિસ્ટોટલ : ટ્રેજેડી, અનુકરણ, કેથાર્સિસ
   (D) એલિયટ : પરંપરા અને પ્રયોગ, અંતઃસ્ફુરણા, વસ્તુલક્ષી સહસંબંધક
23. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો.
   (A) ક : કંઠ્ય, મહાપ્રાણ, અઘોષ
   (B) બ : ઓષ્ઠ્ય, અલ્પપ્રાણ, અઘોષ
   (C) શ : તાલવ્ય, અઘોષ, સંઘર્ષી
   (D) સ : દંત્ય, ઘોષ, સંઘર્ષી
24. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :
   (A) 'ચમત્કાર' એટલે પોતાના આત્મામાં અન્યની અપેક્ષા વગર વિશ્રાંતિ
   (R) 'ચમત્કાર' એટલે રસાનુભૂતિ, આસ્વાદ
   (A) (A) સાચું છે અને (R) ખોટું છે.
   (B) (A) અને (R) બન્ને ખોટાં છે.
   (C) (A) અને (R) બન્ને સાચાં છે.
   (D) (A) ખોટું છે અને (R) સાચું છે.
25. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો.
   (A) કવિતાનું ભાવિ બહુ વિશાળ છે, તે દરેકને પોતાનામાં સમાવી લે છે.
   (R) કવિતા મૂળભૂત રીતે જીવનની સમીક્ષા છે.
   (A) (A) ખોટું છે અને (R) સાચું છે.
   (B) (A) સાચું છે અને (R) ખોટું છે.
   (C) (A) અને (R) બન્ને ખોટાં છે.
   (D) (A) અને (R) બન્ને સાચાં છે.



StudySite.org StudySite.org

StudySite.org
StudySite.org

26. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :
(A) સરસ્વતીચંદ્રે ગૃહત્યાગ કર્યો.
(R) કુમુદસુંદરીએ સરસ્વતીચંદ્ર સાથે લગ્ન કરવાની ના પાડી.
(A) (A) સાચું છે અને (R) ખોટું છે.
(B) (A) અને (R) બન્ને સાચાં છે.
(C) (A) ખોટું છે અને (R) સાચું છે.
(D) (A) અને (R) બન્ને ખોટાં છે.

27. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :
(A) કવિતા એટલે ચિત્ર પાડવાની શક્તિ.
(R) દરેક કવિતામાં ચિત્ર હોય છે.
(A) (A) અને (R) બન્ને ખોટાં છે.
(B) (A) ખોટું છે અને (R) સાચું છે.
(C) (A) સાચું છે અને (R) ખોટું છે.
(D) (A) અને (R) બન્ને સાચાં છે.

StudySite.org

28. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો.
(A) અલી ડોસો નિયમિત પોસ્ટ ઓફિસ જતો હતો.
(R) અલી ડોસો પોસ્ટ માસ્તર હતો.
(A) (A) અને (R) બન્ને સાચાં છે.
(B) (A) અને (R) બન્ને ખોટાં છે.
(C) (A) સાચું છે (R) ખોટું છે.
(D) (A) ખોટું છે (R) સાચું છે.

29. બન્ને યાદીની વિગતો સરખાવીને યોગ્ય જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| (*a*) ગોવર્ધનરામ : એક અધ્યયન | (૧) બિપિન ઝવેરી |
| (*b*) અખો : એક અધ્યયન | (૨) રમણલાલ જોશી |
| (*c*) નરહરિની જ્ઞાનગીતા | (૩) સુરેશ જોષી |
| (*d*) રમણભાઈ નીલકંઠ | (૪) ઉમાશંકર જોશી |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૩ | ૧ | ૪ |
| (B) | ૨ | ૧ | ૩ | ૪ |
| (C) | ૨ | ૪ | ૩ | ૧ |
| (D) | ૨ | ૩ | ૪ | ૧ |



StudySite.org
StudySite.org

StudySite.org
StudySite.org

30. બન્ને યાદીની વિગતો સરખાવીને યોગ્ય જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| (*a*) રાસ | (૧) નેમિનાથ ચતુષ્પદિકા |
| (*b*) બારમાસી | (૨) વિરાટ પર્વ |
| (*c*) પદ્યવાર્તા | (૩) રામવિવાહ |
| (*d*) આખ્યાન | (૪) કર્પૂરમંજરી |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૧ | ૨ | ૩ | ૪ |
| (B) | ૪ | ૩ | ૨ | ૧ |
| (C) | ૩ | ૪ | ૨ | ૧ |
| (D) | ૨ | ૧ | ૪ | ૩ |

31. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(*a*) 'ક્ષ' સંયુક્ત વ્યંજન છે.

(*b*) 'જ્ઞ' સંઘર્ષી વ્યંજન છે.

(A) (*a*) અને (*b*) બન્ને ખોટાં છે.

(B) (*a*) ખરું છે પણ (*b*) ખોટું છે.

(C) (*b*) ખરું છે પણ (*a*) ખોટું છે.

(D) (*a*) અને (*b*) બન્ને સાચાં છે.

32. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) 'વેનચરિત્ર' અર્વાચીન આખ્યાન છે.

(બ) 'વેનચરિત્ર' ના લેખક પ્રેમાનંદ છે.

(A) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

(B) (અ) અને (બ) બન્ને સાચાં છે.

(C) (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(D) (અ) સાચું છે અને (બ) ખોટું છે.



StudySite.org
StudySite.org

StudySite.org StudySite.org

33. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) 'પાનનાં બીડાં' એ પાકશાસ્ત્રવિષયક ગ્રંથ છે.

(બ) 'રેતીની રોટલી' એ પાકશાસ્ત્રવિષયક કવિતા છે.

(A) (અ) અને (બ) બન્ને સાચાં છે.

(B) (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(C) (અ) સાચું છે (બ) ખોટું છે.

(D) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

34. બન્ને યાદીની વિગતો તપાસી યોગ્ય જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| (a) હરિવલ્લભ ભાયાણી | (૧) પચરંગી સમાજમાં ભાષા |
| (b) કેશવ હ. ધ્રુવ | (૨) લોકસાહિત્યનું સમાલોચન |
| (c) ઝવેરચંદ મેઘાણી | (૩) પદ્યરચનાની ઐતિહાસિક આલોચના |
| (d) પ્રબોધ પંડિત | (૪) લોકકથાનાં મૂળ અને કુળ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૩ | ૨ | ૧ |
| (B) | ૪ | ૧ | ૨ | ૩ |
| (C) | ૪ | ૨ | ૩ | ૧ |
| (D) | ૪ | ૧ | ૩ | ૨ |

StudySite.org

35. બન્ને યાદીની વિગતો તપાસી યોગ્ય જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| (a) સોનેરી માછલીઓ | (૧) ચુનીલાલ મડિયા |
| (b) ચંપો અને કેળ | (૨) કિશોર જાદવ |
| (c) ગુલામદીન ગાડીવાળો | (૩) રા. વિ. પાઠક |
| (d) બુદ્ધિવિજય | (૪) ગુલાબદાસ બ્રોકર |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૧ | ૩ | ૪ |
| (B) | ૨ | ૪ | ૧ | ૩ |
| (C) | ૨ | ૧ | ૪ | ૩ |
| (D) | ૨ | ૩ | ૧ | ૪ |



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

36. બન્ને યાદીની વિગતો તપાસી યોગ્ય જોડકાં બનાવો.

| I | | II | |
|---|---|---|---|
| (*a*) | બ. ક. ઠાકોર | (૧) | રૂપરચના |
| (*b*) | રા. વિ. પાઠક | (૨) | રમણીયતા |
| (*c*) | વિષ્ણુપ્રસાદ ત્રિવેદી | (૩) | રહસ્ય |
| (*d*) | સુરેશ જોષી | (૪) | દર્શન |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૨ | ૩ | ૧ |
| (B) | ૪ | ૨ | ૧ | ૩ |
| (C) | ૪ | ૧ | ૨ | ૩ |
| (D) | ૪ | ૩ | ૨ | ૧ |

37. બન્ને યાદીની વિગતો તપાસી યોગ્ય જોડકાં બનાવો.

| I | | II | |
|---|---|---|---|
| (*a*) | નવલરામ | (૧) | જોસ્સો |
| (*b*) | નર્મદ | (૨) | અખંડ લહરી |
| (*c*) | રમણભાઈ નીલકંઠ | (૩) | વિચારપ્રધાનતા |
| (*d*) | બ. ક. ઠાકોર | (૪) | ચિત્તક્ષોભ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૩ | ૪ | ૧ |
| (B) | ૨ | ૪ | ૧ | ૩ |
| (C) | ૨ | ૧ | ૪ | ૩ |
| (D) | ૨ | ૪ | ૩ | ૧ |

38. બન્ને યાદીની વિગતો તપાસી યોગ્ય જોડકાં બનાવો.

| I | | II | |
|---|---|---|---|
| (*a*) | ચિત્રવિલોપન | (૧) | શેષ |
| (*b*) | પરાજય | (૨) | હરિશ્ચંદ્ર ભટ્ટ |
| (*c*) | શાપસંભ્રમ | (૩) | નર્મદાશંકર ભટ્ટ |
| (*d*) | તુકારામનું સ્વર્ગારોહણ | (૪) | નરસિંહરાવ દિવેટિયા |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૩ | ૧ | ૪ |
| (B) | ૪ | ૨ | ૩ | ૧ |
| (C) | ૩ | ૪ | ૧ | ૨ |
| (D) | ૧ | ૩ | ૨ | ૪ |



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

39. બન્ને યાદીની વિગતો તપાસી યોગ્ય જોડકાં બનાવો.

| I | | II | |
|---|---|---|---|
| (a) | મધ્વરણ્ય | (૧) | ર. વ. દેસાઈ |
| (b) | જીવનનું પરોઢ | (૨) | ક. મા. મુનશી |
| (c) | અમૃતદીક્ષા | (૩) | ગુલાબદાસ બ્રોકર |
| (d) | મધ્યાહ્નનાં મૃગજળ | (૪) | પ્રભુદાસ ગાંધી |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ૩ | ૧ | ૪ | ૨ |
| (B) | ૨ | ૪ | ૩ | ૧ |
| (C) | ૪ | ૨ | ૧ | ૩ |
| (D) | ૧ | ૪ | ૨ | ૩ |

40. બન્ને યાદીની વિગતો તપાસી યોગ્ય જોડકાં બનાવો.

| I | | II | |
|---|---|---|---|
| (a) | નિબંધ સંગ્રહ | (૧) | કૂવો |
| (b) | દલિત નવલકથા | (૨) | સુરેશ જોષીથી સુરેશ જોષી |
| (c) | સંશોધન ગ્રંથ | (૩) | દિવાળીના દિવસો |
| (d) | નારીકથા | (૪) | ધૂળમાં ઊડતો મેવાડ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૩ | ૨ | ૧ |
| (B) | ૧ | ૨ | ૩ | ૪ |
| (C) | ૩ | ૪ | ૨ | ૧ |
| (D) | ૪ | ૩ | ૧ | ૨ |

41. બન્ને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો.

| I | | II | |
|---|---|---|---|
| (a) | તેસ્સિતોરી | (૧) | ગુર્જર ભાષા |
| (b) | કે. હ. ધ્રુવ | (૨) | મારુ ગુર્જર |
| (c) | કે. કા. શાસ્ત્રી | (૩) | પ્રાચીન પશ્ચિમ રાજસ્થાની |
| (d) | ઉમાશંકર જોશી | (૪) | પ્રાચીન ગુજરાતી |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | ૧ | ૨ | ૩ | ૪ |
| (B) | ૪ | ૩ | ૨ | ૧ |
| (C) | ૩ | ૪ | ૧ | ૨ |
| (D) | ૨ | ૪ | ૩ | ૧ |



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

42. બન્ને યાદીની વિગતો સરખાવી યોગ્ય જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| (*a*) ભટ્ટ લોલ્લટ | (૧) અભિવ્યક્તિવાદ |
| (*b*) ભટ્ટ શંકુક | (૨) ભુક્તિવાદ |
| (*c*) ભટ્ટ નાયક | (૩) ઉત્પત્તિવાદ |
| (*d*) આચાર્ય અભિનવગુપ્ત | (૪) અનુમિતિવાદ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | ૩ | ૪ | ૨ | ૧ |
| (B) | ૨ | ૧ | ૪ | ૩ |
| (C) | ૩ | ૪ | ૧ | ૨ |
| (D) | ૨ | ૪ | ૧ | ૩ |

43. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) કવિતા જીવનની સમીક્ષા છે.

(બ) કવિતા જીવનના અનુભવોની નીપજ છે.

(A) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

(B) (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(C) (અ) અને (બ) બન્ને સાચાં છે.

(D) (અ) સાચું છે (બ) ખોટું છે.

44. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) 'સાઠીના સાહિત્યનું દિગ્દર્શન' ના લેખક રામનારાયણ પાઠક છે.

(બ) 'વાત આપણા વિવેચનની' ના લેખક સુમન શાહ છે.

(A) (અ) સાચું છે (બ) ખોટું છે.

(B) (અ) ખોટું છે (બ) સાચું છે.

(C) (અ) અને (બ) બન્ને સાચાં છે.

(D) (અ) અને (બ) બન્ને ખોટાં છે.



StudySite.org StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

45. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

(અ) સુન્દરમ્ ગાંધીયુગના ગઝલકાર છે.

(બ) સુન્દરમ્ દેશીવાદના પુરસ્કર્તા છે.

(A) (અ) અને (બ) બન્ને સાચાં છે.

(B) (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(C) (અ) સાચું છે અને (બ) ખોટું છે.

(D) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

નીચેનો ગદ્યખંડ વાંચીને આપેલા પ્રશ્નોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરો :

જીવન આપણને કળાને માટેની સામગ્રી પૂરી પાડે છે, કળા એને જે વિશિષ્ટ આકાર આપે છે તે વડે આપણે જીવનને સાચી રીતે ઓળખી શકીએ છીએ. પણ આને બદલે 'જીવન' અને 'કળા' ને વિરોધાવવાનું વલણ કેટલીક વાર જોર પકડતું જતું હોય એમ લાગે છે. કળા એટલે જીવનને આપેલો ઓપ એવી ભ્રામક સમજ એમાં કારણભૂત બનતી હોય છે... જીવન વિશેનો આપણો અનુભવ ગમે તેટલો વૈવિધ્યપૂર્ણ, ઊંડો કે સૂક્ષ્મ હોય, એના આ ગુણોની પ્રતીતિ અથવા એ અનુભવનો સાક્ષાત્કાર આપણે કરવો હોય તો એને વિશિષ્ટ આકાર આપીને જોવો પડશે... વાસ્તવમાં જેમ ઈશ્વરે પણ પોતાનું દર્શન કરવાને સૃષ્ટિ રચી તેમ સર્જક પણ સૃષ્ટિ સરજીને જ દર્શન પામી શકે છે. દર્શન કૃતિનું નિયામક તત્વ નથી. કૃતિની નિર્મિતિ દ્વારા જ દર્શનને સિદ્ધ કરી શકાય છે. જીવનથી વેગળે જઈને કે એની ઉપેક્ષા કરીને કોઈ કશું કરી શકે નહીં.

StudySite.org



StudySite.org StudySite.org

StudySite.org
StudySite.org

એ અર્થમાં સાહિત્ય અને જીવન અવિનાભાવી સમ્બન્ધે સંકળાયેલાં છે જ. પણ જીવન સામગ્રીરૂપે આવે અને એનું રૂપાન્તર સિદ્ધ કરવાની પ્રક્રિયા જ જો ન થઈ હોય તો એ રસાસ્વાદના ક્ષેત્રમાં સ્થાન પામી શકે નહીં.

46. કળાની સામગ્રી શામાંથી પ્રાપ્ત થાય છે ?

(A) નાટકમાંથી
(B) જીવનમાંથી
(C) કળામાંથી
(D) સંગીતમાંથી

47. જીવનને સાચી રીતે ઓળખાવવા સર્જક શું કરે છે ?

(A) કળા દ્વારા વિશિષ્ટ આકાર આપે છે.
(B) કળા દ્વારા વિશિષ્ટ પ્રેરણા આપે છે.
(C) કળા દ્વારા વિશિષ્ટ સમજ આપે છે.
(D) કળા દ્વારા વિશિષ્ટ બોધ આપે છે.

StudySite.org

48. કળા એટલે જીવનને આપેલો ઓપ :

(A) આ સમજ વ્યાપક છે.
(B) આ સમજ ભ્રામક છે.
(C) આ સમજ વ્યવહારુ છે.
(D) આ સમજ સાર્વત્રિક છે.

49. સર્જક કઈ રીતે દર્શન પામી શકે છે ?

(A) સાહિત્યસૃષ્ટિ સર્જીને
(B) અનુભવ આલેખીને
(C) શબ્દ ખોળીને
(D) મનન કરીને

50. ઉપરોક્ત ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો :

(A) કૃતિનિર્મિતિ
(B) શબ્દનિર્મિતિ
(C) અર્થનિર્મિતિ
(D) જીવનનિર્મિતિ



StudySite.org
StudySite.org

StudySite.org
StudySite.org

## ROUGH WORK

SEAL

StudySite.org



StudySite.org
StudySite.org